Thursday
11.07.2024
વિશ્વાસથી વિકાસ યાત્રા
✱Volume :8 ✱ Issue No.351
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✱Managing Editor: Arjun Sondarva

✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

ભારતના રાષ્ટ્રપતિએ ડ્યુરાન્ડ કપ ટૂર્નામેન્ટની ટ્રોફીઓનું અનાવરણ કર્યું

કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રપતિ શ્રીમતિ દ્રોપદી મુર્મુએ આજે (જુલાઈ ૧૦, ૨૦૨૪) રાષ્ટ્રપતિભવન સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે આયોજિત એક સમારંભમાં ડ્યુરાન્ડ કપ ટુર્નામેન્ટ ૨૦૨૪ની ટ્રોફીઓનું અનાવરણ કર્યું હતું. જે ટ્રોફીનું અનાવરણ કરવામાં આવ્યું છે તેમાં ડુરાન્ડ કપ, પ્રેસિડેન્ટ કપ અને શિમલા ટ્રોફીનો સમાવેશ થાય છે. આપ્રસંગે પોતાની સંક્ષિપ્ત ટિપ્પણીમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે ફૂટબોલ વિશ્વની સૌથી લોકપ્રિય રમતોમાંની એક છે. જ્યારે પ્રોફેશનલ ફૂટબોલરો હજારો ચાહકોની સામે રમે છે, ત્યારે ખેલાડીઓ અને પ્રેક્ષકોનો ઉત્સાહ અનેકગણોવધી જાય છે. રાષ્ટ્રપતિએ ડ્યુરાન્ડ કપ ટૂર્નામેન્ટ ૨૦૨૪ માં ભાગ લેનારા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે ખેલાડીઓને કહ્યું હતું કે તેઓ જીતે કે હારે, રમતમાં તદુરસ્તસ્પર્ધા હોવી જોઈએ અને તેઓએ અન્ય ટીમોનો આદર કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે કેટલીક વખત રમતમાંઆવેગ અને જુસ્સો આવે છે, પરંતુ ખેલાડીઓએ તેમની લાગણીઓને સુવ્યવસ્થિત કરવા અને રમતમાંશ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવોજ જોઈએ. તેમણે વિશ્વાસવ્યક્ત કર્યોહતો કે, તમામ ખેલાડીઓ દ્રઢ નિશ્ચય અને રમતગમતની ભાવનાસાથે રમશે. રાષ્ટ્રપતિએ તમામ ફૂટબોલ પ્રેમીઓને ભારતમાંફૂટબોલનું સ્તર વધારવાપ્રયત્નો કરવાવિનંતી કરી.

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર ના અધ્યક્ષસ્થાને રાજ્યના આદિજાતિના વિસ્તારોના વિકાસ માટે "ન્યું ગુજરાતપેટર્ન"માં સુધારા વધારા કરવા માટે બેઠક ઉપસ્થિત રહી વિવિધ બાબતો પર ચર્ચા કરી. આ બેઠકમાંરાજ્યકક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજય ભાઈ પટેલ સાંસદશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



કમલમ્ ન્યુઝ,

શ્રી બહુચરાજી માતાજી મંદિરના સર્વગ્રહી વિકાસ માટે માન. કેબિનેટ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત સાહેબે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકારીઓ સાથે બેઠક કરી. આ બેઠકમાં શ્રી આર આર રાવલ - સેક્રેટરી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસબોર્ડ, મુખ્ય એન્જિનિયર, વહીવટદારશ્રી- શ્રી બહુચરાજી મંદિર અને અધિકારીઓશ્રી જોડાયા હતા.

ભરૂચ ખાતે પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને વર્ષાઋતુ અંગેની પૂર્વ તૈયારીઓ સંદર્ભે સમીક્ષા બેઠક મળી

કમલમ્ ન્યુઝ,

વર્ષાઋતુ પૂર દરમિયાન કોઈ રોગચાળો ન ફેલાય તે અંગે તકેદારી રાખી સ્વાસ્થ્યના તાકીદના પગલાંલેવા અનેશહેરમાં સ્વચ્છતા રાખી, રોગચાળો ના ફેલાઈ એ બાબતે ખાસ સૂચના આપી હતી. ફલ્ડ જેવી સ્થિતિમાં પીવાનુ આરોગ્યપ્રદ પાણી મળે તેવી વ્યવસ્થા ગોઠવવા, મેડીકલ ટીમો, પૂરતી દવાઓનો જથ્થો, વીજ પુરવઠો સતત જળવાઈ રહે તે માટેનું આયોજન, ખેતીની જમીન પાકને નુકશાન થયેલ હોય તો તે અંગે સર્વની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી કરવા, ખેતીની જમીન પાકને નુકશાન થયેલ હોય તો તે અંગે સર્વની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી કરવા, ફલડ જેવી પરિસ્થિતિમાં સાવચેતી રાખી અગમચેતીના પગલાં લેવાની મંત્રીશ્રી એ સલાહ આપી હતી.

બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખશ્રી, ધારાસભ્ય શ્રી રમેશ મિસ્ત્રી, ભરૂચનગરપાલિકા પ્રમુખ, અંકલેશ્વર નગરપાલિકા, જિલ્લા પોલીસ વડાશ્રી, નિવાસી અધિક કલેક્ટરશ્રી એન.આર.ધાધલ, જિલ્લાના સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, નગરપાલિકાના અધિકારીગણ, સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીગણશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યમાં તા. ૧૦ જૂલાઈની સ્થિતીએ કુલ ૨૨૩.૩૭ મી.મી. વરસાદ વરસ્યો : પ્રવકતા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ

આ વર્ષે અત્યાર સુધીમાં ૪૦.૨૬ લાખ હેક્ટર એટલે કે, ૪૭.૦૪% જમીનમાં વાવેતર

કમલમ્ ન્યુઝ,

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં વરસાદ અને કૃષિ પાકોના વાવેતરની પરિસ્થિતી વિશે પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાંતા. ૧૦ જૂલાઈની સ્થિતીએકુલ ૨૨૩.૩૭ મી.મી. વરસાદ વરસ્યો છે જે સરેરેશ વરસાદના ૨૫.૩૦% છે, જેમાં રાજ્યના ૮૯ તાલુકાઓમાં ૫૧થી ૧૨૫ મી.મી., ૮૨ તાલુકાઓમાં ૧૨૬થી ૨૫૦ મી.મી., ૫૪ તાલુકાઓમાં ૨૫૧ થી ૫૦૦ મી.મી. જ્યારે ૨૪ તાલુકાઓમાં ૫૦૧ થી ૧૦૦૦ મી.મી. વરસાદ નોંધાયો છે, કૃષિ પાકોની વાવેતરની સ્થિતીએ અંગે વાત કરતા મંત્રી શ્રીએ જણાવ્યું હતું કે,ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૪૦.૨૬ લાખ હેક્ટર એટલે કે, ૪૭.૦૪% જમીનમાં વાવેતર થયું છે. જેમાં મગફળીના પાકનુ ૧૪.૦૯ લાખ હેક્ટરમાં, કપાસનુ ૧૮.૬૦ લાખ હેક્ટરમાં, તેલીબીયાનું ૧૮.૭૫ લાખ હેક્ટર માં વાવેતર થયું છે. ચાલુ ખરીફ ઋતુમાં વિવિધ પાકોની વાવેતરમાં વધારા સહ વેગ આવવાની પુરતી સંભાવવા છે. બિયારણના જથ્થાવિશે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખરીફ ૨૦૨૪ ઋતુમાં મુખ્ય પાકો જેવા કે ડાંગર, મકાઈ, બાજરા, મગ, અડદ, તુવેર, મગફળી, તલ, દિવેલા, સોયાબીન અને કપાસ જેવા પાકોની કુલ ૧૩,૨૦,૨૪૦ ક્વિન્ટલ બિયારણની જરૂરિયાત સામે રાજ્યમાં ૧૫,૪૫,૦૬૫ ક્વિન્ટલ બિયારણનો જથ્થો ઉપલબ્ધછે. આમ આસીઝન માટે વાવેતર હેતુ બિયારણનો પુરતો જથ્થો ઉપલબ્ધછે તેમતેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ સીઝન માટે વાવેતર હેતુ બિયારણનો પુરતો જથ્થો ઉપલબ્ધ

ભારતીય કારીગરોને ટેકો આપો, અને રમકડાં દ્વારા સર્જનાત્મકતા અને કલ્પનાને પોષો જે સમગ્ર વિશ્વમાં બાળકોને પ્રેરણા આપે છે અને શિક્ષિત કરે છે: શ્રી જિતિન પ્રસાદ

ડીપીઆઈઆઈટી અને ઈન્વેસ્ટ ઈન્ડિયાના સહયોગથી ટોય એસોસિએશન ઓફ ઈન્ડિયાએ બીજી ટોય સીઈઓ મીટનું આયોજન કર્યું

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીરાજ્ય મંત્રી શ્રીજિતિન પ્રસાદેરમકડા ઉદ્યોગને ભારતીય કારીગરોને ટેકો આપવા અને રમકડાં દ્વારા સર્જનાત્મકતા અને કલ્પનાને પોષવા માટે પ્રોત્સાહિત કર્યા જે સમગ્ર વિશ્વમાં બાળકોને પ્રેરણા આપે છે અને શિક્ષિત કરે છે. ૮મી જુલાઈ ૨૦૨૪ના રોજ નવી દિલ્હીમાં ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઑફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) અને ઈન્વેસ્ટ ઈન્ડિયાના સહયોગથી ટોય એસોસિએશન ઑફઈન્ડિયા દ્વારા આયોજિત 'ટોય સીઈઓ મીટની બીજી આવૃત્તિ'માં મુખ્ય વક્તવ્ય આપતી વખતે, મંત્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના "સબકા સાથ, સબકા વિકાસ,સબકા વિશ્વાસ"ના વિઝનને પ્રકાશિત કર્યું. તેમણે સહભાગીઓને સહયોગ ચાલુ રાખવા અને ભારતના રમકડા બનાવવાના વારસાને ઉજવવા માટે પણ પ્રેરિત કર્યા. ટોયના સીઈઓ મીટની બીજી આવૃત્તિએ ભારત અને ગ્લોબલ ટોય ઉદ્યોગ વચ્ચે સહયોગમાટે એક મંચપૂરો પાડ્યો હતો,જેનો ઉદ્દેશભારતને ગ્લોબલ ટોય હબ તરીકે સ્થાપિત કરવાના મિશન તરફકામ કરવાનોછે. આ કાર્યક્રમમાં વોલમાર્ટ, એમેઝોન, સ્પિન માસ્ટર, આઈએમસી ટોય્ઝ વગેરે સહિત અગ્રણી વૈશ્વિક ખેલાડીઓ અને સ્થાનિક રમકડા ઉદ્યોગના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં સનલોર્ડ એપેરલ્સ મેન્યુફેકચરિંગ કંપની પ્રાઈવેટ લિમિટેડ, પ્લેગ્રો ટોય્ઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડવગેરેનો સમાવેશ થાય છે. ડીપીઆઈઆઈટીના સચિવ શ્રી રાજેશકુમાર સિંઘે સહભાગીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સ્થાનિક ઉત્પાદકોના પ્રયાસો સાથે મળીને સરકારની પહેલોએ ભારતીય રમકડાં ઉદ્યોગની નોંધપાત્ર વૃદ્ધિમાં પરિણમી છે. તેમણે જણાવ્યું હતું કે, આ વિકાસ સૂચવેછે કે, રમકડાંના ઉત્પાદનમાં ભારતની વધતીસ્વનિર્ભરતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે. ડીપીઆઈઆઈટીના સંયુક્ત સચિવ શ્રી સંજીવે ૧૫મા ટોય બિઝ ઈન્ટરનેશનલ બીરબી એક્સ્પોના સફળઆયોજન માટે ભારતીય ટોય ઉદ્યોગ, ખાસ કરીને ટોય એસોસિએશન ઓફઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. તેમણે ટોય ઉદ્યોગના સભ્યોને કોઈ પણ પ્રકારના પડકારોના સંજોગોમાં ડીપીઆઈઆઈટી સાથે જોડાવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા હતાઅને જણાવ્યું હતું કે,તેનું ધ્યેય ભારતીય રમકડાંને ગુણવત્તા, વિશિષ્ટતા, નવીનતા અને ટકઉપણાનો પર્યાય બનાવવાનું છે. ટોય્ઝમાટે ભારતમાંરોકાણની તકો અંગેચર્ચા કરતાંઈન્વેસ્ટ ઈન્ડિયાના સીઈઓ અનેએમડી સુશ્રી નિરુતિ રાયે જણાવ્યું હતું કે, વધતી જતી યુવા વસતિ સાથે રમકડાંની માંગમાંવધારો થવાને કારણે ભારત રોકાણ માટે બજારની વિશાળ સંભવિતતા ધરાવેછે. હિતધારકોની ચર્ચા દરમિયાન વોલમાર્ટ, આઈએમસી ટોય્ઝ, સ્પિન માસ્ટર વગેરે જેવા વૈશ્વિક ખેલાડીઓએ તેમની પોતાની વિકાસગાથાઓ વિશે વાત કરીહતી અને ભારતમાં કામગીરીને વિસ્તૃત કરવા માટે ઉત્સાહવ્યક્ત કર્યાહતો. વક્તાઓ દ્વારાશેર કરવામાંઆવેલી દ્રષ્ટિએ પ્રેક્ષકોને ભારતીય રમકડા ઉદ્યોગ અને વૃદ્ધિ અને સહયોગ માટેની તકોવિશેની આંતરદૃષ્ટિપ્રદાન કરી. આઈવેન્ટે સમન્વય સ્થાપિત કરવા, પૂરક ક્ષમતાનો ઉપયોગકરવા અને ભારતીય રમકડાં ઉદ્યોગ માટે વૈશ્વિક બજારમાં ઉભરતી તકોનો લાભ ઉઠાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આઈવેન્ટ ઈન્ડિયા ટોય બિઝ ઈન્ટરનેશનલ બીરબી એક્સ્પોની ૧૫મી આવૃત્તિનો એક ભાગ હતો, જે દેશના સૌથી મોટા રમકડાના મેળામાંનો એક છે, જેણે સ્થાનિક રમકડાના ક્ષેત્રમાં વધતી જતી તકોનો લાભ લેવા માટે અગ્રણી વૈશ્વિક અને સ્થાનિક રમકડા ઉત્પાદકો, કારીગરો, રિટેલર્સ અને સરકારી અધિકારીઓને એકમંચ પરલાવ્યા છે.

ટોય સીઈઓ મીટ ભારતીય અને વૈશ્વિક રમકડા ઉદ્યોગ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપે છે

આતરરાષ્ટ્રિય સહકારીતા વર્ષ અતર્ગત ન્યુયોર્ક ખાતે ન્યુયોર્ક ખાતે ઈવેન્ટમા ભારતીય પ્રણાલીને છાજેતેવુ દિલીપ સઘાણીનુ પ્રભાવક સબોધન

પ્રભાવશાળી સબોધન ભારતીય સહકારીતાની ક્ષમતાનો પરિચય આપી

કમલમ્ ન્યુઝ,

ભારતીય સંસ્કૃતિ અને પ્રણાલીને છાજે તેવુ અર્થપૂર્ણ અને અસરકારક સહકારીતા વિષય ઉપર ન્યુયોર્ક ખાતે યોજાયેલ ઈવેન્ટને દિલીપસઘાણીનુ સબોધન સહકારી ચળવળને જુસ્સાદાર સહયોગની પ્રતિતિ મીટીંગમા ભાગ લઈ રહેલા સૌ કોઈને જોવા મળી હતી આતરરાષ્ટ્રિય સહકારી વર્ષઉજવણી અતર્ગત ન્યુયોર્ક ખાતે વૈશ્વિક સહકારી મહાનુભાવોની ઉપસ્થિતીમા યોજાયેલ કાર્યક્રમમા આઈસીએ-એપીના પ્રમુખ ડો.ચદ્રપાલસિહ યાદવ, નાફેડના ભૂતપૂર્વ પ્રમુખ ડો. બિજેન્દ્રસિહ, નાફેડના પ્રમુખ જેઠાભાઈ ભરવાડ, નાફસ્કોબના એમ.ડી. ડો.ભીમા સુબ્રમણ્યમ્, યુએનસાશ્યલ ઈકોનોમી કાઉન્સિલના પ્રમુખ શ્રીમતિ પૌલા ઓઝડા, મલ્લીકા કુમાર, ગુજરાત મહિલા ક્રેડીટ સોસાયટીના પ્રમુખ શ્રીમતિ ગીતાબેન સઘાણી, ઈફકોના જોઈન્ટ જનરલમેનેજર (સહકારી વિકાસ) સતોષકુમાર શુકલા સહિત વિશ્વના ખુણેખુણે થી મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમનુ સચાલન કુ.સિમિલએસીમ, મેચ્યુ કોગનેક તરફથી કરવામા આવેલ હતુ, આતરરાષ્ટ્રિય સહકારીતા વર્ષની ઉજવણી સમયે જ ન્યુયોર્ક ખાતેના સઘાણીના પ્રભાવશાળી સબોધન ભારતીય સહકારિતાની ક્ષમતાનો પરિચય આપી રહયાનુ નોંધવુ ઘટે.

તંત્રી સ્થાનેથી......

સમગ્ર શિક્ષા દ્વારા રાજ્યમાં એનસીએફ, એસસીએફ અને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આધારિત ધોરણ-૧ અને ૨ માટે નવીન અધ્યયન-અધ્યાપન સામગ્રી-અધ્યયન સંપુટ તૈયાર કરવામાં આવેલ છે. તમામ સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ-૧/૨ ના બાળકો માટે વિદ્યાર્થીઓ માટેનું વિવિધપ્રકારનું શૈક્ષણિક સાહિત્ય નિર્માણ કરવામાં આવ્યું છે. આ સામગ્રીનો ઉપયોગ ધો-૧/૨ ની અધ્યયન પ્રક્રિયા પેડાગોજી અને વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાંઅસરકારકતા જેવી બાબતો અંગે આજેજિલ્લા કક્ષાએજિલ્લા પ્રોજેક્ટ ક્ચેરી દ્વારા નવીન સામગ્રીના ઉપયોગ અંગેમાસ્ટર ટ્રેનિંગ વર્કશોપનો પ્રારંભ થયો છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરા ખાતે ૮ તાલુકાના ૮૭જેટલા માસ્ટર ટ્રેનર્સ ત્રિ-દિવસીય તાલીમમાં ભાગ લીધો છે. આ તાલીમમાંરાજ્યકક્ષાએ તૈયાર થયેલ આરપીદ્વારા તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કક્ષાની એમટીએસ તાલીમ પૂર્ણ થયા બાદ દરેક તાલુકામાં ધો- ૧/૨ ના વિદ્યાર્થીઓને ભણાવતા શિક્ષકો માટે તાલુકા કક્ષાના વિવિધ સેન્ટરો ઉપર તાલીમ યોજવામાં આવશે. જિલ્લા કક્ષાના એમટીએસ તાલીમનું સંચાલન શ્રી રાકેશભાઈ સુથાર એ ડીપીસી, વડોદરા અને વર્ગ સંચાલન શ્રી મુકેશભાઈ સી. આર. સી. ભાદરવા દ્વારા કરવામાં આવ્યું છે. તમામ તાલીમાર્થીઓને શિક્ષણ સાથે મોડ્યુલ અધ્યાપન સંપુટ પ્રગતિ માપન રજિસ્ટર સહિત વિવિધ સામગ્રીનો ઉપયોગ કરવા માટે તાલીમમાં આ સામગ્રી આપવામાં આવી છે. વડોદરા જિલ્લાના જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી મહેશભાઈ પાંડે દ્વારા આ તાલીમ રાજ્ય કક્ષાના પરિપત્ર અનેક્રેમ વર્કમુજબ અસરકારક બને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ધો-૧અને ૨ના બાળકોના નવીન સાહિત્ય બાબતે શિક્ષકોમાં ક્ષમતાનું નિર્માણ કરીને વર્ગખંડમાં ગુણવત્તાસભર શિક્ષણ પુરૂ પાડવામાં આવશે તેવી શુભેચ્છા પાઠવી હતી.

પોરબંદરની એમ. ડી. સાયન્સ કોલેજ ખાતે માનસિક આરોગ્ય જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,પોરબંદર,

પોરબંદરભાવસિંહજી જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન શ્રીના માર્ગદર્શન હેઠળ NMHP વિભાગનાકર્મચારીઓ સાયકોલોજીસ્ટ મનીષ કુમાર મારુ અને સોશ્યલ વર્કર હેતલબેન મોઢા દ્વારા માનસિક આરોગ્ય જન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યોહતો. પોરબંદર જિલ્લાની એમ. ડી. સાયન્સ કોલેજ ખાતે આયોજિત માનસિક આરોગ્ય જન જાગૃતિ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માનસીક બીમારીઓ વિશે છાત્રોને માહિતગાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે ટેલી માનસ હેલ્પ લાઈન અંગે પણ માહિતી આપવામાં આવી હતી. તેમજ IEC મટીરીયલનુંવિતરણ કરાયું હતું. આતકે પ્રિન્સિપાલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

જૂનાગઢ જિલ્લો પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને તેવા પ્રયાસો સાકાર બનાવતી કલસ્ટર બેઝ તાલીમનું આયોજન

કમલમ્ ન્યુઝ,જૂનાગઢ

ગુજરાતમાંહાલ પ્રાકૃતિકકૃષિ અંતર્ગતખેડૂતો રસાયણ યુક્ત ખાતર અને જંતુનાશક દવાઓ નાઉપયોગ વગર ઝેર મુક્ત ખેતી તરફવળી રહ્યા છે. જે અન્વયે જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમા પ્રાકૃતિક કૃષિ વિશે સમજ કેળવે તે હેતુથી જૂનાગઢ જિલ્લા નાઆત્મા, ખેતીવાડીઅને બાગાયત વિભાગના સંયુક્તપ્રયાસના ભાગરૂપે ક્લસ્ટર બેઝ તાલીમનું આયોજન કરવામાંઆવ્યુ હતું. જૂનાગઢ જિલ્લામાંકેશોદ, માંગરોળઅને વિસાવદર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમા પ્રાકૃતિક કૃષિની તાલીમનું આયોજન કરી પ્રાકૃતિક કૃષિ કઈ રીતે કરી શકાય એ માટેનું માર્ગદર્શન માસ્ટર ટ્રેનરો દ્વારા આપવામાં આવ્યું હતું. જેના પગલે ખરીફ ઋતુમાં પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડૂતો કટિબંધ થયા હતા, ઉપરાંત મહિલાઓને પણ આ પ્રાકૃતિક કૃષિના કાર્યમાં જોડી અને તેમને રસાયણમુક્ત કૃષિ સાથે જોડવા માટે જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ તાલીમનુ આયોજન કરાયુ હતું. જેમા પ્રાકૃતીક કૃષિના મુખ્ય આયામો એવા જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, વાફસા, ખાટી છાસના ઉપયોગ વિશે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામા આવ્યુ હતું. આમ પ્રાકૃતિક કૃષિ દ્વારા જૂનાગઢ જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો જોડાઈ

જૂનાગઢ જિલ્લાને પ્રાકૃતિક કૃષિ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.

અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારી સાથે દસક્રોઈ તાલુકાના આરોગ્યકર્મીઓની બેઠક યોજાઇ

ચોમાસામાં પાણીજન્ય અને વાહકજન્ય રોગો અટકાવવા બાબતે જરૂરી સૂચનો કરાયા

કમલમ્ ન્યુઝ,

ચોમાસાની સીઝનમાં થતા પાણીજન્ય અને વાહકજન્ય રોગો અટકાવવા જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. શૈલેષ પરમારના માર્ગદર્શનમાં અમદાવાદ જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી નરેન્દ્રસિંહ રાઠોડ સાથે દસક્રોઈ તાલુકાના વહેલાલ, કુહા અનેકણભા ગામના આરોગ્યકર્મીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાંજિલ્લા મેલેરિયા અધિકારી દ્વારા છેલ્લા વર્ષોમાં થયેલા પાણીજન્ય અને વાહકજન્ય રોગોના કેસોની સમીક્ષા કરી હતી. વધુમાં આ પ્રકારનારોગો કેવી રીતે અટકાવવા તેના વિશે માર્ગદર્શન આપવામાંઆવ્યું હતું. આ ઉપરાંત ગામમાં અમુક એવી જગ્યાઓ કે જ્યાં પાણીનોભરાવો થતોહોય તો તેનોતાત્કાલિક નિકાલ કરવો અને કન્ટ્રક્શન સાઈટ, ઇન્ડસ્ટ્રીયલ

વહેલાલ, કુહા અને કણભા ગામના આરોગ્યકર્મીઓને માર્ગદર્શન અપાયું

એરિયા જેવી જગ્યાઓપર મચ્છર બ્રિડિંગ જોવા મળે તો તેનો નિકાલ લાવવા નોટિસ આપવા પણ સૂચન કરાયા હતા. વધુમાંપાણીની ટાંકીની સફાઈ અને પાઈપલાઈન રીપેરીંગ, ફોગિંગની કામગીરી કરવી, ગામના લોકોને સ્વચ્છતા બાબતે અપીલ કરવી, સ્કૂલોમાં રોગચાળો અટકાવવા સૂચનો આપવા, ફ્લોરીનેશન ની કામગીરી કરવી જેવા અનેક સૂચનો અપાયા હતાં. જિલ્લા મેલેરિયા અધિકારીએ તમામ આરોગ્યકર્મીઓને જરૂરી દિશા-નિર્દેશ કર્યા હતા.

જી.ટી.યુ.ના એસોસિએટ ડીન ડૉ. તેજલ આર.ગાંધીને ફેલોશીપ એવોર્ડ-૨૦૨૪ એનાયત થયો

વર્ષ ૧૯૯૪થી અપાતો આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ અને એકમાત્ર ગુજરાતી મહિલા

કમલમ્ ન્યુઝ,

ગુજરાત ટેકનોલોજીકલયુનિવર્સિટી સંલગ્નઅને શ્રીરામકૃષ્ણ સેવા મંડળ,આણંદ દ્વારાસંચાલિત આણંદ ફાર્મસી કોલેજના પ્રિન્સીપાલ ડૉ. તેજલ આર. ગાંધીને હૈદ્રાબાદમાં આયોજિત ૭૩મી ફાર્માસ્યુટિકલ કોંગ્રેસમાંપ્રતિષ્ઠિત આઈ.પી.એ.(IPA) ફેલોશિપ એવોર્ડ-૨૦૨૪ એનાયત કરવામાં આવ્યો છે. આ ઐતિહાસિક સિદ્ધિ ફાર્માસ્યુટિકલ સાયન્સક્ષેત્રમાં તેઓનાં નોંધપાત્ર યોગદાનને પ્રકાશિત કરે છે. એટલું જ નહીં, એ એક સીમાચિહ્નરૂપપણ છેકારણ કેવર્ષ ૧૯૯૪થીઅપાતો આ એવોર્ડ મેળવનાર તેઓ પ્રથમ અને એકમાત્ર ગુજરાતી મહિલા છે. ડૉ.તેજલ ગાંધીની કારકિર્દી ૩૧વર્ષથી પણ વધુ લાંબી છે. આ લાંબી કારકિર્દી દરમિયાન ડૉ.ગાંધીએ એકેડેમી,ફાર્માસ્યુટિકલ સંશોધન અને વહીવટી નેતૃત્વમાંઅભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. તેઓના બહોળાઅનુભવ અને સમર્પણના પરિણામે તેઓએ ૩૩ પ્રતિષ્ઠિત પુરસ્કારો મેળવ્યા છે. જે ફાર્માસ્યુટિકલ સંશોધન અને શિક્ષણમાં તેમના વૈવિધ્યપૂર્ણ યોગદાનની સાક્ષીપૂરે છે. ઉત્તમ માર્ગદર્શક તરીકે ડૉ.ગાંધીએફાર્માસ્યુટિકલ વિજ્ઞાનના ૧૫૦અનુસ્નાતક વિદ્યાર્થીઓઅને ૧૨ડોક્ટરલ ફેલોને માર્ગદર્શન આપ્યું છે. આંતરરાષ્ટ્રીયઅને રાષ્ટ્રીયસ્તરેમાન્યતાપ્રાપ્ત જર્નલમાંતેઓનાં ૧૯૦થી વધુસંશોધનપત્રો પ્રકાશિત થયેલા છે. જે તેઓની વ્યાપકતા, સંશોધન કુશળતાતથા ફાર્માસ્યુટિકલ જ્ઞાનની પ્રતિબદ્ધતાપ્રકાશિત કરે છે. ડૉ.તેજલ ગાંધી તેમની વિદ્વતાપૂર્ણ સિદ્ધિઓ માટે જ નહીં પણ એક શિક્ષક અને વક્તા તરીકેના તેમના યોગદાન માટે પણપ્રખ્યાતછે. તેઓએ અમેરિકા, કેનેડા, ડેન્માર્ક,જર્મની અને શ્રીલંકા તથા ભારતમાંઆંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાખ્યાનો આપ્યાં છે. વિવિધ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સામયિકો સમીક્ષક તરીકેની તેમની ભૂમિકાઆ ક્ષેત્રમાંના તેઓના પ્રભાવને વધુ રેખાંકિત કરે છે. ફાર્મસી વ્યવસાયમાં ડૉ.ગાંધીના ઉત્કૃષ્ટ યોગદાન અને ફાર્માસ્યુટિકલ સંશોધન બદલ આઈ.પી.એ. ફેલોશીપસભ એવોર્ડ-૨૦૨૪ તેઓને એનાયત થયો છે. આ પુરસ્કાર મેળવનાર ગુજરાતની પ્રથમઅને એકમાત્રમહિલાતરીકેનીતેમની સિદ્ધિ એ જ તેઓનાં વ્યવસાય પ્રત્યેની શ્રેષ્ઠ ભાવના અનેસમર્પણનો પુરાવો છે. જે ફાર્માસ્યુટિકલ સમુદાયમાંઅસંખ્ય વ્યક્તિઓને પ્રેરણા આપે છે. ગુજરાત ટેક્નોલૉજીકલ યુનિવર્સિટીના સમગ્ર પરિવારે ડૉ.તેજલ ગાંધીની આ સિદ્ધિ પરત્વે ગૌરવ અને આનંદનીલાગણી અનુભવીછે અને તે બદલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજુલ કે.ગજ્જર અને કુલસચિવ ડૉ.કે.એન.ખેર ડૉ.તેજલ ગાંધીને અભિનંદન પાઠવ્યા છે.

રાહત કમિશનર શ્રી જેનું દેવનના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ

આગામી તા.૧૪ જુલાઈ, ૨૦૨૪ સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી

કમલમ્ ન્યુઝ,

રાહત કમિશનર શ્રી જેનું દેવનના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં આગામી સમયમાં ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈને લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીશ્રીઓ સાથે મુદ્દાવાર ચર્ચા કરવામાં આવીહતી. બેઠકમાં IMD ના અધિકારીશ્રી દ્વારા વરસાદની સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી તથા આગામી તા.૧૪જુલાઈ, ૨૦૨૪ સુધી રાજયમાં ભારે વરસાદની આગાહી અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. રાજયમાં ભારે વરસાદની ચેતવણીના ભાગ રૂપે એન.ડી.આર.એફ./ એસ.ડી.આર.એફ. ની ટીમોનું જિલ્લાઓ ખાતે ટીમોનુ ડિપ્લોયમેન્ટ કરવામાં આવેલ છે. અને જિલ્લાવહીવટીતંત્રના આદેશ અનુસાર રાહત/બચાવની કામગીરી કરવાસૂચના આપવામાંઆવેલ છે. આરોગ્ય વિભાગ સાથે ઋતુ જન્ય

રોગચાળાની સ્થિતિને લઈ ચર્ચા કરવામાં આવી હતી અને શહેરી વિકાસવિભાગ અને પાણી પુરવઠા વિભાગસાથે જરૂરી સંકલનમાં રહી ક્લોરીનેશન અનેસફાઈની યોગ્ય કામગીરી કરવા રાહત કમિશનરશ્રીએ સૂચના આપી હતી.

રાહત કમિશનરશ્રી દ્વારા બેઠકમાંહાજર રહેલતમામ નોડલ અધિકારીશ્રીઓને માર્ગદર્શન તથા જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવી તથા સંભવિત ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા તમામ લાઈન ડિપાર્ટમેન્ટના નોડલ અધિકારીશ્રીઓને એલર્ટ રહેવા જણાવ્યું હતું. આબેઠકમાં સિંચાઈ, SSNNL,CWC-Mahi & Tapi Division, ફોરેસ્ટ, આરોગ્ય, BISAG-N,ફિશરીઝ, ઈન્ડિયન નેવી, કોસ્ટ ગાર્ડ, જી.એમ.બી., ઊર્જા, માર્ગ અને મકાન, GSRTC, યુ.ડી.ડી, ફાયર, પંચાયત, પશુપાલન, ICDS, ફૂડ એન્ડ સિવિલસપ્લાય, માહિતી વિભાગના તથા ઈન્ડિયન એરફોર્સ નાનોડલ અધિકારીશ્રીઓ હાજર રહેલહતા.

વિશ્વ વસ્તી દિવસની ઉજવણી-૨૦૨૪ અંતર્ગત મોરબી ખાતે જિલ્લા કક્ષાનો લાયક દંપતી વર્કશોપ યોજાયો

કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિના નેતૃત્વમાં અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીનાં માર્ગદર્શન હેઠળ તા.૦૯/૦૭/૨૦૨૪ નાં રોજ વિશ્વ વસ્તી દિવસની ઉજવણી-૨૦૨૪ અંતર્ગત તાલુકા હેલ્થ ઓફિસ મોરબીદ્વારા જિલ્લા કક્ષાના લાયક દંપતી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબીમાં રામધન આશ્રમ ખાતે યોજાયેલા લાયક દંપતી વર્કશોપમાં મોરબી જિલ્લામાંથી ૨૪૦ જેટલા દંપતીઓ/લોકો અને આશા બહેનો આ વર્કશોપમાં જોડાયા હતા. આ વર્કશોપ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.કવિતા દવેએ વિશ્વ વસ્તી દિવસ ઉજવણી ઉપરાંત આરોગ્યવિભાગની વિવિધ યોજનાઓ અંગેમાર્ગદર્શન આપ્યું હતું. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.મહેતાદ્વારા કુટુંબ નિયોજનની વિવિધપદ્ધતિઓ અંગે છણાવટ કરી કુટુંબ નિયોજન થકી માતા મરણ અને બાળ મરણ પ્રમાણ નીચું લાવી શકાય છે તે બાબતે માહિતી આપી હતી. જિલ્લા આર.સી.એચ.અધિકારીશ્રી ડૉ.સંજય શાહ દ્વારા માતા અને

બાળ આરોગ્ય તથા સમયસર રસીકરણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યુંહતું. આકાર્યક્રમમાં પપેટશો દ્વારા ચાલુ વર્ષના સુત્ર 'વિકસીત ભારતની નવી પહેચાન, કુટુંબ નિયોજન દરેક દંપતીની શાન' ઉપર વિસ્તૃત માહિતી આપી કાર્યક્રમને વધુ રસપ્રદ બનાવ્યો હતો. કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડૉ.રાહુલ કોટડીયા દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. જ્યારે ડૉ.ડી.વી. બાવરવા દ્વારાઆભારવિધિ કરતા પાણી જન્ય રોગચાળા અટકાયત અને નિયંત્રણ માટે શું તકેદારી રાખવી તે બાબતે તેમણે વાત કરી હતી. ઉપરાંત આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી ડૉ.વિપુલ કારોલીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કક્ષાનાં ડી.આઈ.ઈ.સી.ઓશ્રી ડી.એમ.સંઘાણી, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.રાહુલ કોટડીયા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર શૈલેષ પારજીયા તેમજ તાલુકા હેલ્થ વિઝીટર એ.ડી.જોશીબેન તથા તેમની ટીમ અને જિલ્લાના સુપરવાઈઝરશ્રીઓદ્વારા કાર્યક્રમને સફળબનાવવાજહેમત ઉઠાવવામાં આવી હતી.

ધોળકા તાલુકામાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિની તાલીમનું આયોજન

વધારેમાં વધારે ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી રાસાયણિક પદાર્થોથી મુક્ત ખેતપેદાશોનું ઉત્પાદન કરે તેવો તાલીમનો હેતુ

કમલમ્ ન્યુઝ,

ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના પ્રણેતા એવા ખેડૂતો વધારેમાં વધારે પ્રાકૃતિક પેદાશો સાથે જોડાય અને તે સિવાય પણ બીજા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે સરકાર હંમેશાં પ્રયત્નશીલ છે. ખેડૂતો પ્રાકૃતિક રીતે થતી ખેતીથી જાણકાર બને એ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને એ.પી.એમ.સી. દ્વારાતાલીમનું આયોજન કરવામાં આવે છે. ધોળકા તાલુકા સેવા સદન હોલ ખાતે તાલુકાના ખેડૂતો માટે તા. ૮ જુલાઈ, ૨૦૨૪થી પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ૫ દિવસ સુધી ચાલનારી આ તાલીમમાં ૩૦ જેટલાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની સમજ આપવામાં આવી છે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતીવખતેકઈ કઈ બાબતોનુંધ્યાન રાખવુંજોઈએ તેનીસમજ આપવામાં આવીહતી. આ કાર્યક્રમમાંઆત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી કે.કે. પટેલ, ધોળકા તાલુકા વિકાસ અધિકારીશ્રી બિપીનભાઈ પરમાર, જિલ્લા એપીએમસીના પ્રતિનિધિ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના પ્રતિનિધિ, ધોળકા તાલકા પંચાયતના લાઈવલીહુડ મેનેજર શ્રીભાવનાબેન દેસાઈ, ધોળકા તાલુકાના રિસોર્સ પર્સન શ્રી મનુભાઈ વી. પરમાર હાજર રહ્યા હતા.

અમદાવાદના બાવળા તાલુકાના દેવડથલ અને નવાપુરા ગામના ખેડૂતોને મિલેટ્સ પાકના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું

ખેડૂત ઉત્પાદક સંગઠન સાથે જોડાયેલા ખેડૂતોને મોરૈયો, બંટી, કાંગ, હરીકાગ, રાગી વગેરે મિલેટ્સની પ્રાકૃતિક ખેતી અંગે નિષ્ણાત દ્વારા માર્ગદર્શન અપાયું

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી માટે જાગૃતતા ફેલાવવા માટે નવતર પ્રયોગ ચાલી રહ્યા છે. કૃષિ વિભાગ અને એગ્રીકલ્ચરટેક્નોલોજીમેનેજમેન્ટ એજન્સી દ્વારા વિવિધ તાલુકાઓમાં તાલીમ, માર્ગદર્શક સેમિનાર, સરકારની યોજનાઓવિશે સમજ, ખેતર મુલાકાત સહિતના આયોજનોકરવામાં આવીરહ્યાછે. આ પ્રયાસો અંતર્ગત બાવળા તાલુકાના દેવડથલ ગામના નવાપુરાના પઢારસમુદાયના ખેડૂતો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મિલેટ્સ પાકોની પ્રાકૃતિક ઢબે ખેતી વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિ સંગઠન 'પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડ'ના સભ્ય ખેડૂતો માટે ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ અને ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ લિ.ના સહયોગથી યોજાયેલી આ બેઠકમાં ખેડૂતોને મોરૈયો, બંટી, કાંગ, હરીકાગ, રાગી વગેરે ધાન્ય પાકોના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું હતું. નવાપુરાના ખેડૂતોની કુલ ૫૦ વિઘા જમીનમાં વાવેતર થઈ શકે તેટલા બિયારણનું વિતરણ કરવામાં આવ્યું છે. સાથોસાથ મિલેટ્સ પાકના નિષ્ણાત શ્રી મુકેશભાઈએ ઉપસ્થિત ખેડૂતોનેમિલેટ્સ પાકોના પ્રાકૃતિક પદ્ધતિથી વાવેતર અને ઉછેર માટે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ ખેડૂતોનેમિલેટ્સ પાકોનું વાવેતર કરી ઉત્પાદન કેવી રીતે વધારી શકાય તે વિષયક માહિતી આપી હતી. આ ઉપરાંત ખેતરમાં લઈ જઈને લાઈવ ડેમો પણ આપવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે,પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિ. એ સાણંદ તાલુકામાં કાર્યરત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોનું ઉત્પાદન સંગઠન છે. જેમાં કુલ ૪૫૦ જેટલા ખેડૂત સભ્યો છે. જેમાંથી આશરે ૧૦૦ જેટલા પઢાર સમુદાયના ખેડૂતો આ સંગઠનના સભ્યો છે. આ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં જોડવાથી તેમને આર્થિક ફાયદો થવાની સાથે પ્રકૃતિ જતનની દિશામાં પણ આ પગલું મહત્વનું ગણાશે.

આણંદ જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીની અધ્યક્ષતામાં "તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩" અંતર્ગત બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,આણંદ

જિલ્લા કલેક્ટરશ્રી પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી, આણંદના કોન્ફરન્સ રૂમ ખાતે "તમાકુ નિયંત્રણ અધિનિયમ -૨૦૦૩" અંતર્ગતબેઠક યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીએ જિલ્લાના અધિકારીઓને જિલ્લામાં આવેલ સરકારી કચેરીઓ અને જાહેર જગ્યાએએ તમાકુ નિયંત્રણ અધિનિયમ– ૨૦૦૩ના કાયદાનું ચુસ્તપણે પાલન થાય તે બાબતે અસરકારક કામગીરી કરવા અને નિયમનો ભંગ કરનાર સામે કાયદેસર કાર્યવાહી કરવા અને તાલુકા-કક્ષાએ તાલુકા ટાસ્ક ફોર્સ દ્વારા રેડનું આયોજન કરી તમાકુ નિયંત્રણ અધિનિયમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાનું જણાવી જાહેર જનતાને તમાકુથી આરોગ્યને થતા નુકસાનથી માહિતગાર કરવાબાબતે કામગીરી કરવા સૂચન આપ્યું હતું. વાહન વ્યવહાર વિભાગ, પોલીસ વિભાગ તેમજ સરકારી કચેરીઓમાં નિયમ ભંગ અંગે આપવાના થતાં ચલન બુકનું વિતરણ કરી તમાકુ અધિનિયમ ભંગકરતા વ્યકિતઓ સામે દંડનીય કાર્યવાહી કરવા, કરેલી કામગીરીનો રિપોર્ટ દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં આરોગ્ય શાખાને મોકલી આપવા જણાવ્યું હતું. કલેકટરશ્રીએ જિલ્લાની શાળાઓમાં ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ કરતી દુકાનોમાં તમાકુનું વેચાણ બંધ કરાવી તે સામે કાર્યવાહી કરવા, જિલ્લામાં આવેલીકોલેજોમાં તમાકુ નિયંત્રણ અધિનિયમ અંતર્ગત જાગૃતિ આવે તેમજ બાળકો વ્યસનોથી દુર રહે તે માટે પ્રચાર-પ્રસારની કામગીરી કરવા, જન જાગૃતિ અર્થે સોશીયલ મિડીયામાં તમાકુથી થતા નુકશાન અંગેની

જાણકારી પ્રસારિત કરવા, શાળા-કોલેજોમાં "તમાકુ મુકત શાળા" કાર્યક્રમનું આયોજન કરી તે સબંધિત કામગીરી કરવા જણાવ્યું હતું. કલેકટરશ્રીએ જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર અને આર.બી.એસ.કે. ટીમને ૩૦૦થી વધુ શાળાઓને તમાકુ મુકત શાળાઓ બનાવાય તે રીતે લક્ષ્યાંક સાથે માર્ગદર્શિકા મુજબની કામગીરી કરવા સુચના આપી હતી. તમાકુ મુકત શાળાઓમાં તમાકુ ૯ મુદાઓનું ચુસ્તપણે અમલીકરણ થાય તે અંગેનું મોનીટરીંગ આર.બી.એસ.કે. ટીમદ્વારા કરવા અને તમાકુ નિયંત્રણ અધિનિયમ અંતર્ગત જન જાગૃતિ માટે પોલીસ વિભાગને પણ આવરી લેવા કલેકટરશ્રીએસુચન કર્યુ હતું. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આણંદદ્વારા જુલાઈ– ૨૩ દરમિયાન જિલ્લાની કોલેજોમાં યોજાયેલ "TOBACCO FREE YOUTH CAMPAIGN" અંતર્ગત જનજાગૃતી કાર્યક્રમમાં ૮૫૦ થી વધુ વિદ્યાર્થીઓને સેન્સિટાઈઝ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. ચાલુ વર્ષે જિલ્લાના તમામ તાલુકામાં પોલીસ વિભાગ સાથે સંકલનમાં રહીને રેડનું આયોજન કરવામાંઆવ્યું તેમ જણાવીજુદી-જુદી કલમો હેઠળ કુલ ૮૨ વ્યકિતઓ સામે દંડનીય કાર્યવાહી કરી રૂપિયા ૮૫૦૦/– જેટલો દંડ વસુલવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું. જિલ્લા એપેડેમિક અધિકારીશ્રીએ જિલ્લામાં કુલ- ૪૩ શાળાઓને "તમાકુમુકત શાળા" તરીકે જાહેર કરવામાં આવી છે તેમજણાવી ચાલુ વર્ષે કુલ-૩૦૦થી વધુ શાળાઓને "તમાકુ મુકત શાળા" માં શામેલ કરવાની કામગીરી કરવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી મિલિંદ બાપના, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ગૌરવ જસાણી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પૂર્વીબેન નાયક સહિત વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યાંહતાં.

કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીએ વાસદ ખાતે ગ્રામ પંચાયત, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી, કુમારશાળા, કન્યાશાળાની આકસ્મિક મુલાકાત લીધી

કમલમ્ન્યુઝ,આણંદ,

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રો પિપલ-પ્રો એક્ટિવ ગવર્નન્સનું પ્રેરક દ્રષ્ટાંત આણંદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાંઆવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંતરિયાળ વિસ્તારનાં ગામો સુધી પાયાની સુવિધાઓ આરોગ્ય-શિક્ષણ-આંગણવાડી-અન્ન વિતરણ-મધ્યાહન ભોજન યોજના વગેરે સેવાઓની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કરીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાત માહિતી મેળવવાનો નવતર પ્રયોગ હાથ ધર્યોછે. જે અન્વયે કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીએ આકસ્મિક વાસદ ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કલેકટરશ્રીએ સ્થાનિક ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો અને વાસદ ગામના ગ્રામજનો દ્વારા રજૂકરવામાં આવેલ પ્રશ્નો સાંભળ્યા હતા અને તેનું તાકીદે નિરાકરણ કરવામાંઆવશે તેમ જણાવ્યું હતું. કલેકટરશ્રીએ આ મુલાકાત દરમિયાન વાસદ ખાતે આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રની આકસ્મિક મુલાકાત લીધી હતી. તેમણે દર્દીઓ સાથે વાત કરી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મળતી સેવાઓથીસંતુષ્ટ છોકે કેમ? તેની પણ જાણકારી મેળવી હતી.

ત્યારબાદ ફાર્માસિસ્ટ રૂમ ખાતે દવાઓનીચકાસણી કરીહતી અને કોઈપણદવાની તારીખ સમાપ્ત થઈ ગઈ હોય તેવી તારીખ વાળી છે કે કેમ? તેની જાણકારી મેળવી હતી અને દવાઓની જાતે ચકાસણી કરી હતી.ફાર્માસિસ્ટ દ્વારાકોઈપણ દવા એક્સપાયરી ડેટ વાળી રાખવામાં આવતી નથી, તેમ કલેકટરશ્રીને જણાવ્યુંહતું. કલેકટરશ્રીએ સૂચન કર્યું હતું કે કોઈપણ દર્દીને જે દવા આપવામાં આવે તે દવાનું ઓપીડી રજીસ્ટરમાંનોંધકરવીજોઈએ તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત કલેકટરશ્રીએ એક્સરે રૂમ ટેક્નિશિયનસાથે પણ મુલાકાતકરી માહિતી મેળવી હતી. આ ઉપરાંત ડેન્ટિસ્ટ ડોક્ટર સાથે પણચર્ચા કરી હતી. કલેકટરશ્રીએ લેબોરેટરી રૂમમાંજઈનેલેબોરેટરી ટેક્નિશિયન સાથે જરૂરી ઈક્વિપમેન્ટ છે કે કેમ ?તેની તપાસણી કરી હતી. સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર ભાવિકે કલેકટરશ્રીને જણાવ્યું હતું કે દર મહિને ૧૨ થી૧૫ ડિલિવરી વાસદસામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરાવવામાં આવે છે તે સાંભળીને કલેકટરશ્રીએ વાસદ અને તેની આસપાસના ગામના સગર્ભા મહિલાઓ વાસદ ખાતે જ પ્રસુતિ માટે આવેતેમ તેઓનેજણાવવા કહ્યું હતું. કલેકટરશ્રીએ ત્યારબાદ આંગણવાડીની મુલાકાત લીધી હતી. આંગણવાડીની મુલાકાત દરમિયાન ભૂલકાઓ સાથે નીચે બેસીને ભૂલકાઓ સાથે વાત કરી હતી. કલેકટરશ્રીએ કુમારશાળા અને કન્યાશાળાવાસદનીમુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓના વાંચન,લેખન અને ગણન પ્રવૃત્તિ ચેક કરી હતી. આ ઉપરાંત મધ્યાહન ભોજન યોજનાઅંતર્ગત બાળકોને આપવામાં આવતું ભોજનનો ટેસ્ટ કર્યોહતો અને ભોજનની ગુણવત્તા ની ચકાસણી કરી હતી. આ આકસ્મિક મુલાકાત પૂર્વે વાસદ ગામમાં આજે આઈ.ઓ.સી.એલ. કંપની દ્વારા યોજાયેલ "સ્વચ્છતા પખવાડા" કાર્યક્રમમાં જિલ્લા કલેકટર શ્રી પ્રવીણ ચૌધરીએ ભાગ લીધો હતો. આ તબક્કે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાંભાગલઈ કલેકટર શ્રીએ વૃક્ષારોપણ પણ કર્યું હતુ આ વેળાએ કલેકટરશ્રીની સાથે નાયબ વન સંરક્ષક શ્રી નમ્રતાઈટાલિયન, પ્રાંત અધિકારી શ્રી મયુરભાઈ પરમાર, મામલતદાર શ્રી ચૌધરી, તાલુકા વિકાસઅધિકારી શ્રી મહાવીર સિંહ ચાવડા જોડાયા હતા.





કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતીમીરાબેન પટેલએ કમાન્ડએન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત લીધીહતી. આમુલાકાત દરમિયાન મેયરશ્રી એગાર્બેજ વેસ્ટ ઓનલાઈન ટ્રેકિંગ સિસ્ટમ, સ્માર્ટ પોલ, સીસીટીવી કેમેરા તેમજ હેલ્પડેસ્ક સહિતની વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને હેલ્પડેસ્કમાં આવતી ફરિયાદનું ઝડપી નિરાકરણ લાવવા સૂચના આપી હતી. આ દરમિયાન ડે. મ્યુ. કમિશનરશ્રી, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ મેયરશ્રી એ ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત વેરીયેબલ મેસેજ ડિસ્પ્લે (VMD) નું ચેકીંગઅધિકારીઓને સાથેરાખીને વિવિધ સ્થળેકર્યું હતું. આ દરમિયાન મેયરશ્રી એ બંધતેમજ ક્ષતિવાળી VMD ને તાત્કાલિક ચાલુ કરવા સૂચનાઆપી હતી.

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

ઉમરેઠ વિધાનસભાના ઉમરેઠ ખાતે યોજાયેલ "મતદાતા અભિવાદન સમારોહ" માં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમર્થકો, આગેવાનો,વડીલો, ભાઈઓ, બહેનો, યુવાનોને સંબોધન કરીસાંસદ શ્રી મિતેષભાઈ પટેલેલોકસભા ચુંટણીમાં અથાગ પરીશ્રમ કરનાર કાર્યકર્તાઓ સહિત સૌનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, જિલ્લાપંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, પૂર્વ સાંસદશ્રી લાલસિંહભાઈ વડોદિયા, જિલ્લા મહામંત્રીશ્રી જગતભાઈ પટેલ, શ્રી સુનિલભાઈ શાહ, અમુલડેરીના વાઈસચેરમેનશ્રી કાંતિભાઈ સોઢાપરમાર, તાલુકા પ્રમુખશ્રી વિમલભાઈ પટેલ, શહેર પ્રમુખશ્રી હર્ષ શહેરાવાળા, તાલુકાપંચાયત પ્રમુખશ્રીપ્રતાપસિંહ સોલંકી, નગરપાલિકા પ્રમુખશ્રી કનુભાઈ શાહ , જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી બળવંતસિંહ સોલંકી , જીલ્લા પંચાયત શિક્ષણ ચેરમેનશ્રી સુનિલભાઈ સોલંકી , એપીએમસી ચેરમેનશ્રીપ્રકાશભાઈ પટેલ , પુર્વ ધારાસભ્યશ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી સુજલભાઈ, ઓડ શહેર પ્રમુખશ્રી ભરતભાઈ , બોરીઆવી શહેર પ્રમુખશ્રી સુરેશભાઈ, આણંદ તાલુકા પ્રમુખશ્રી દિનેશભાઈ સોલંકીસહિત ઉમરેઠ વિધાનસભા કાર્યકર્તાઓઉપસ્થિત રહ્યા હતા.

ગોંડલ શહેર યુવા ભાજપ પ્રમુખ જીગરભાઈ સાવેડીયાના જન્મદીવસ નિમિતે વૃક્ષારોપણની અનોખી ભેટઅપાઈ

યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા દ્વારા કરાયું વૃક્ષારોપણ

ગોંડલ શહેરયુવા ભાજપના પ્રમુખ સહીત રોટરી ક્લબ ઓફ ગોંડલના પ્રમુખ, સરદારધામ સૌરાષ્ટ્ર ઝોનનાકન્વીનર, સરદાર પટેલ સોસ્યલ ગ્રૂપના મહામંત્રી તરીકે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ યુવા ઉદ્યોગપતિ એવા જીગરભાઈ સાટોડિયાના જન્મદિવસ નિમિતે તેમને તેમના મીત્રોદ્વારા અનોખીભેટ આપવામા આવી હતી. યુવા ભાજપના ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા દ્વારા ૧,૧૧૧ વૃક્ષો ગોંડલની સિદ્ધાર્થનગર, અજમેરાનગર, શિવમ રેસીડેન્સી સહીત વિવિધ સોસાયટીઓમાં વૃક્ષો વાવી મોંઘી ભેટો આપવાની જગ્યાએ વૃક્ષારોપણ કરીસમાજસેવાનુ ઉત્કર્ષ ઉદાહરણ પુરુ પાડ્યું હતુ. તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જની યાદીમાંજણાવે છે.

કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતી પ્રવાસી મહિલા કામદારોએ મહિલા અને બાળ કલ્યાણને લગતી સરકારી યોજનાઓની મેળવી જાણકારી

૧૦૦ દિવસની સ્પેશિયલ અવેરનેસ અને રજીસ્ટ્રેશન મેટરનીટી બેનિફિટ્સ વીક અંતર્ગત અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગની પહેલ

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લાના મહિલા અને બાળવિકાસ શાખા દ્વારાઅનોખી પહેલ કરવામાંઆવી છે. વિભાગ દ્વારા અમદાવાદના થલતેજ વિસ્તારમાં ભગવાન પાર્ટી પ્લોટ સામેઆવેલ આવેલઢ ગ્રુપની કન્સ્ટ્રક્શન સાઈટ પર ૧૦૦ દિવસની સ્પેશિયલઅવેરનેસ અને રજીસ્ટ્રેશન મેટરનીટી બેનિફિટ્સ વીકઅંતર્ગત કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતી મહિલાઓ માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલાઓને ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમન યોજનના જેન્ડરસ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા PMMVY, નમોશ્રી, વ્હાલી દીકરી યોજના તેમજ ગર્ભધારણ દરમિયાન અને બાદમાંસલામતી, સાવચેતી અને યોગ્ય ખોરાક લેવાની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલિકૃત મહિલા કલ્યાણ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ આયોજનમાં પોલીસ સ્ટેશન બેઈઝડસપોર્ટ સેન્ટર યોજના વિશે શ્રી અન્નપૂર્ણાબેનગઢવીએ માહિતી આપી હતી.

વન સ્ટોપસેન્ટરની માહિતી શ્રી નવનીતાબેન દ્વારા આપવામાં આવી હતી. ૧૮૧ ટીમ દ્વારા ૧૮૧ યોજનાની માહિતી હાજર મહિલાઓને આપવામાં આવી હતી. મહિલા પ્રવાસી કામદારોને મહિલા અને બાળ કલ્યાણની યોજનાઓનો લાભ લેવા પ્રેરિત કરતા આ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાંઆવ્યુ હતું.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

વાસદ સ્થિત ઈન્ડીયન ઓઈલ કંપની દ્વારા આયોજીત સ્વચ્છતા પખવાડીયા અંતર્ગત ૧૫૦૦ છોડનું વૃક્ષારોપણ સાથે ડસ્ટબીન વિતરણ કરવામાં આવ્યા. આ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી પ્રવિણ ચૌધરી, જિલ્લાપોલીસઅધિક્ષકશ્રી,ફોરેસ્ટ ઓફિસર શ્રી નમ્રતાબેન સહિત ઈન્ડિયન ઓઈલ કંપનીના પદાધિકારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા

ગાંધીનગર ખાતે સુરત જીલ્લા આગેવાનો ની મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત

કમલમ્ ન્યુઝ, મયુર પટેલ

સુરત જીલ્લાના આગેવાનો દ્વારા ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને રૂબરૂ મુલાકાત લઈ ઉનાળુ ડાંગરના પોષણ ક્ષમ ભાવ તથા બોઈલ ચોખા પર ની એક્સપોર્ટ ડ્યુટી ઘટાડવા માટે રજૂઆત કરી. આ મુલાકાતમાં ગુજરાતસરકાર માંરાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, બારડોલી ના ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમાર, ચોર્યાસી ના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ,તથા સુરત જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી ભરતભાઈ રાઠોડ, મહામંત્રી શ્રી ઓ જીગરભાઈ નાયક,શ્રી રાજેશભાઈ પટેલ,શ્રી કિશનભાઈ પટેલ, શ્રીમતિ ભાવિનબેન પટેલ,શ્રી રોહિતભાઈ પટેલ,શ્રી જીતુભાઈ બામણી, અને સુરત જિલ્લાના સહકારી આગેવાનો તેમજ સૌપદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્ ન્યુઝ,

સોજીત્રા વિધાનસભાના ગોકુલધામ નાર ખાતે યોજાયેલ "મતદાતા અભિવાદન સમારોહ" માં બહોળી સંખ્યામાં ઉપસ્થિત સમર્થકો, આગેવાનો, વડીલો, ભાઈઓ, બહેનો, યુવાનોને સંબોધન કરી સાંસદશ્રી મિતેષભાઈ પટેલેલોકસભા ચુંટણીમાંઅથાગ પરીશ્રમ કરનાર કાર્યકર્તાઓસહિત સૌનો હૃદયપુર્વક આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખશ્રી રાજેશભાઈ પટેલ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી રમણભાઈ સોલંકી, સોજીત્રાના ધારાસભ્યશ્રી વિપુલભાઈ પટેલ, ખંભાતનાધારાસભ્યશ્રી ચિરાગભાઈ પટેલ, જીલ્લાપંચાયત પ્રમુખશ્રી હસમુખભાઈ પટેલ, જીલ્લા ઉપપ્રમુખશ્રી ભગવતસિંહ પરમાર, જીલ્લા મહામંત્રીશ્રી રણજીતસિંહ ચૌહાણ, જીલ્લા મંત્રીશ્રીબળદેવભાઈ પરમાર, શ્રીમતીનીલમબેન ઠાકોર, અમૂલ ડેરીના વાઈસચેરમેનશ્રી કાંતિભાઈ સોઢા પરમાર, સોજીત્રા વિધાનસભા સંયોજકશ્રી દિલીપભાઈ પટેલ, સોજીત્રા વિધાનસભાના શહેર-તાલુકા સંગઠન પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, સોજીત્રાતાલુકા પંચાયતપ્રમુખશ્રી મેહુલભાઈ ગોહેલ, તારાપુર તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, પેટલાદ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી સોનલબેન પટેલ, આણંદ જીલ્લા સહકારીસંઘના ચેરમેનશ્રી રજનીકાંતભાઈ પટેલ, જીલ્લાપંચાયત સભ્યશ્રી, ચૂંટાયેલાપ્રતિનિધિઓશ્રી, સોજીત્રા વિધાનસભા સંગઠનનાહોદ્દેદારો,પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા.

હાડગુડ પ્રાથમિક શાળા ખાતે રૂપિયા ૧.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ ૧૦ વર્ગખંડોનું લોકાર્પણ કરાયું

હાડગુડ પ્રાથમિક શાળા ખાતે શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ તૈયાર થઈને ઉચ્ચ શિક્ષણ મેળવે તેવી શુભેચ્છા પાઠવતા સાસંદશ્રી મિતેષભાઈ પટેલ

કમલમ્ન્યુઝ, આણંદ,

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં નવા વર્ગખંડો તૈયાર કરવા અને નવીન શાળાનું બાંધકામ તથા શાળાના બાળકો માટે ભૌતિક સુવિધાઓ આપવામાં આવી રહી છે. આ અંતર્ગત હાડગુડ પ્રાથમિક શાળા ખાતે ખુટતા ૧૦ નવા રૂમ રૂપિયા ૧.૪૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાંઆવ્યા છે, જેનું લોકાર્પણ આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, આણંદના સંસદ સભ્ય શ્રી મિતેષભાઈ પટેલ અને આણંદના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલનાહસ્તે કરવામાં આવ્યું હતું. સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હાડગુડ પ્રાથમિક શાળાનું નવું મકાન બનવાથી વિદ્યાર્થીઓને ભણવામાં સરળતા રહેશે. આ ઉપરાંત પ્રાથમિક શાળા ખાતે હાઈસ્કૂલ કક્ષાની ફેસીલીટીઆપવામાં આવી છે. જેમાં કોમ્પ્યુટર રૂમ, લાઈબ્રેરી રૂમ, ફાયર સેફટી અને સીસીટીવીથી સજ્જ આ પ્રાથમિક શાળા તૈયાર કરવામાં આવી છે, ત્યારે તેમણે આ શાળા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ તૈયાર કરે અને વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી. હાડગુડ પ્રાથમિક શાળા ખાતે તૈયાર કરવામાં આવેલ ૧૦ નવા વર્ગખંડોજેમાં ત્રણ મજલાની સ્કૂલ તૈયાર કરવામાં આવી છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ત્રણ રૂમ, પ્રથમ માળેત્રણ રૂમઅને બીજામાળે ચાર રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી હિરેનભાઈ મેકવાનના જણાવ્યા મુજબ હાડગુડ પ્રાથમિક શાળા ખાતેધોરણ ૧ થી ૮દરેક ક્લાસના ત્રણ રૂમ છેઅને સ્કૂલખાતે ૯૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસકરે છે. જેમાં શાળાના આચાર્ય સહિત ૨૬ શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે. અત્યાર સુધી ૨૫રૂમની જરૂરિયાત સામે ૧૫ રૂમ ઉપલબ્ધ હોવાથી છેલ્લા પાંચ વર્ષથી આ શાળા પાળી પદ્ધતિથી ચાલતી હતી. હવે નવું મકાન તૈયાર થવાથી એક જ પાળીમાં સ્કૂલચલાવવામાં આવશે. હાડગુડપ્રાથમિક શાળાખાતે તૈયાર કરવામાં આવેલ આ નવીન દસ વર્ગખંડોમાં એટલેકે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પહેલામાળે અને બીજા માળે દિવ્યાંગ માટે અલગ સેનિટેશનની વ્યવસ્થા,કુમાર એટલેકે છોકરાઓ માટે અલગસેનિટેશનની વ્યવસ્થા અને કન્યાઓ એટલે કે દીકરીઓ માટે પણ અલગ સેનિટેશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત આ પ્રાથમિક શાળા ખાતે કોમ્પ્યુટર રૂમ, લાઈબ્રેરી, ફાયર સેફટીની સુવિધા, કમ્પાઉન્ડ વોલ અને કાર્યલય સાથે પ્રાથમિક શાળા તૈયાર કરવામાં આવીછે. આ શાળા આણંદ જિલ્લામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી પ્રાથમિક શાળા છે જેમાં ધોરણ ૦૧ થી ૦૮ આઠમાં હાલમાં ૯૦૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. આપ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી સુનિલભાઈ સોલંકી, અગ્રણી શ્રી રાજેશભાઈ પટેલ, ગામના સરપંચ શ્રી, એસએમસીસમિતિના સભ્યો, પ્રાથમિક શાળાના શિક્ષકો, વાલીઓ ગ્રામજનો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા ,ડીસા દ્વારા ટ્રાફિક પોલીસ અને T.R.B. જવાનોને રેઈનકોટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

કમલમ્ન્યુઝ,આનંદ ઠક્કર

સી.એલ .સોલંકી, નાયબ પોલીસ અધિક્ષક શ્રી, ડીસાના અધ્યક્ષ સ્થાને નાયબ પોલીસ અધિક્ષકની કચેરી ખાતે ભારત વિકાસ પરિષદ મહાવિજય શાખા ડીસા દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.ડીસા શહેરના હાઈવે અને શહેરમાં વિવિધ સ્થળોએ ટ્રાફિકનું નિયમન કરનાર ટ્રાફિક પોલીસ અને T.R.B. જવાનો ચોમાસામાં ચાલુ વરસાદમાં પોતાની ફરજ સારી રીતે બજાવી શકે તેહેતુથી રેઈનકોટ નું વિતરણ ભારત વિકાસ પરિષદ મહા વિજય શાખા ડીસા દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રાફિક પોલીસઅને જવાનોને અધ્યક્ષ શ્રી અને શાખાના વિવિધ પદાધિકારીઓના હસ્તે રેઈનકોટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આર.વી. ડાભી પી.એસ.આઈ.ટ્રાફિક, દિલીપભાઈ કોન્સ્ટેબલ, દિનેશભાઈ ઠક્કર (પ્રમુખ) ,પ્રવીણભાઈ સાધુ (મંત્રી), અમૃતલાલ પઢિયાર (ટ્રસ્ટી)દિલીપભાઈ ઠક્કર (વકીલ), રમેશભાઈ શાહ (ખજાનચી) દક્ષાબેન જોશી (મહિલાસંયોજિકા) કમલેશભાઈ રાચ્છ , પૂજાબેન ઠક્કર (સહ સંયોજિકા) અને મોટી સંખ્યામાં શાખાના વિવિધ પદાધિકારીઓ અને સભ્યો જોડાયા હતા. આ કાર્યક્રમનું સૌજન્ય મીનુબેન ઠક્કર (દીપ), ભારતીબેન આર. ઠક્કર(રીંકુ ચશ્મા) અને ખુશીબેન સુભાષભાઈ ઠક્કર દ્વારા પ્રાપ્ત થયું હતું .આભારવિધિ દિનેશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

ખેડૂતને ખારેકના રોપા, વાવેતર તેમજ પ્રાકૃતિક ખેતીના સંસાધનો વસાવવા માટે સરકારશ્રીની યોજનાઓ હેઠળ મળી સહાય

ખેડ, ખેતર, પ્રાકૃતિક ખેતી અને પાણી સમૃદ્ધિની વહાવે સરવાણી ધન્ય છે આ ખેડૂતની વિચારસરણીને આવક કરતા મારા માટે એ આત્મસંતોષ મહત્વનો કે હું કોઇને રસાયણયુક્ત ઝેર નથી ખવડાવતો

કમલમ્ ન્યુઝ,મોરબી

આપણી પુરાતન સંસ્કૃતિથી ભૂમિનું પૂજન થતું આવ્યુ છે. આપણાં વડવાઓએ પણ ધરતીને મહામૂલુ ધન કહ્યું છે,ત્યારે નૈસર્ગિક ઢબે એ જમીન રૂપી કિમતી ખજાનાને સાચવવાની જવાબદારી આપણી છે. સરકારશ્રીદ્વારા જમીન સંવર્ધન અને ખેડૂતોના ઉત્થાન માટે પ્રાકૃતિક ખેતીનેપ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીઅને ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખેડૂતોની આવક ડબલ કરવાના સ્વપ્નને સાકાર કરવા પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને પાયાના ઘટક તરીકેપ્રસ્થાપિત કરવામાંઆવ્યું છે. ત્યારે મોરબી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક ખેતીથીઅવનવા આયામો સિદ્ધ કરી સમગ્ર ભારત અને વિશ્વની બજારમાં પણ ડંકો વગાડી રહ્યા છે. વર્ષ ૨૦૧૭ થી રાસાયણિક ખેતીને હંમેશા માટે અલવિદા કહી દસે દસ વીઘામાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ખારેકની ખેતી કરીરહેલા મોરબીમાં ટંકારા તાલુકાના ગણેશપર ગામના ગણેશભાઈ પાલરીયાઅને તેમના પુત્રસંજયભાઈપાલરીયા મબલખ આવક મેળવી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીથી તેમના ખેતર અને જીવન બંનેમાં આવેલા અમૂલ પરિવર્તન વિશે વાત કરતા સંજયભાઈ પાલરીયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૭ થી હું પ્રાકૃતિક ખેતી કરુ છું, મારા ખેતરમાં ઇઝાયેલ ખારેકના ૨૫૦ રોપા વાવેલા છે. જેના વિકાસ અને સંરક્ષણ માટે ગાયના ગોબર અને ગૌમુત્રથી બનતા જીવામૃત અગ્નિઅસ્ત્ર વગેરેનો જ ઉપયોગ કરું છું. ૨૦૧૭માંજ્યારે ખારેકનું વાવેતર કર્યું ત્યારથીજ પ્રાકૃતિક ખેતીપદ્ધતિ અપનાવી છે. રોપા વાવતી વખતે પણ ફક્ત ગાયનું છાણ અને કાળી માટીનો જ ઉપયોગ કરેલોછે, હાલ જરૂર પડે ત્યારે ગૌમૂત્રનો છંટકાવ કરીએ છીએ જેથી જમીનમાં ભરપૂર માત્રામાં અળસિયા અને જરૂરી તમામ બેક્ટેરિયા ઉપલબ્ધ છે. આ રોપાના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા પ્રતિ રોપાએ ૧૨૫૦ સબસીડી આપવામાં આવી છે અને તેના ખર્ચ માટે પણ પ્રતિ હેકટર ૪૦ હજારની સહાય મળી છે. આત્માપ્રોજેક્ટ હેઠળ પણ પ્રાકૃતિક ખેતી માટે બેરલ સહિત સંસાધનો વસાવવા માટે ૧૩,૫૦૦ ની સહાય મળી છે. પ્રાકૃતિક ખેતીના કારણે અમને ખૂબ સારું ઉત્પાદન મળે છે. ૨૦૧૭ પહેલા રાસાયણિક ખેતીથી ખેતી કરતા ત્યારે દવા અને ખાતર સહિતના ખર્ચાઓ ખૂબ થતા જ્યારે અત્યારે ખર્ચ બિલકુલ નહિવત થઈગયોછે. ગાય આધારિત જ ખેતી હોવાથી ખર્ચઘટ્યો છે અને સામેઆવક વધી ગઈ છે. ખારેકના ઉત્પાદનમાં અમને હાલ પ્રતિએકર ૧ લાખથી વધુની આવક થાય છે, ઉપરાંત આંતરપાક નાકારણે એઆવક પણ ડબલ થઈ જાય છે. ગુજરાતના મુખ્યમંત્રી અનેરાજ્યપાલશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી માટે ખૂબ પ્રોત્સાહન આપવામાં આવે છે. ગુજરાતના ખેડૂતોને અને મને પણ ઘણું પ્રોત્સાહન મળ્યુંછે અનેસહાય પણ મળીછે માટેહું સરકારનોખૂબ ખૂબ આભારી છું. સાથે અન્ય ખેડૂતોને પણઅપીલ કરું છું કેપ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવેજેથી ખર્ચઘટે અને આવક વધે. પ્રાકૃતિક ખેતી અપનાવતા ખારેકમાં પ્રસરેલી મીઠાશની સાથે પાલરીયા પરિવારમાં પણ મીઠાશ પ્રસરી છે. પ્રાકૃતિક ખેતીથી પાકતી આ ખારેકની સ્થાનિકે તો ખૂબ માંગ છે જ ઉપરાંતઆ ખારેકની સુવાસઅને મીઠાશ રાજ્યની સરહદ વટાવી મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં પહોંચી ચૂકી છે. મુંબઈમાં તો આ ખારેકની માંગ એટલી છે કે લોકો ખાસઓર્ડર આપીનેખારેક મંગાવે છે. ખારેકના ઉત્પાદનથીવીઘે એક લાખથી વધુની આવક મળી રહે છે ત્યારે ગણેશભાઈ પાલરીયા જણાવે છે કે, મારા માટે આ આવક કરતા એ આત્મ સંતોષ મહત્વનો છે કે હું મારા પરિવારને કે અન્યકોઈને પણ રસાયણ યુક્ત ઝેરનથી ખવડાવતો કે નથી આ માભોમને પ્રદૂષિત કરતો. દરેક ખેડૂત આવું વિચારશે તો આ ધરતી રસાયણ મુક્ત બની જશે અનેદરેક લોકોનેશુદ્ધ, સાત્વિક અને સ્વાસ્થ્યપ્રદ ખોરાક મળી રહેશે.

મેલેરિયાથી બચવાનો એક જ ઉપાય ‘વહેલું નિદાન અને સંપૂર્ણ સારવાર’

વર્ષ -૨૦૩૦ સુધીમાં મલેરિયા મુક્ત ગુજરાત નિર્માણનો રાજ્ય સરકાર નિર્ધાર

- **રાજ્યમાં જૂન માસ સુધીમાં ૨૨ જિલ્લાઓના મેલેરિયા માટે સંવેદનશીલ કુલ ૨૧૮ ગામોમાં ૪૫,૩૫૫ ઘરોને આવરી લેવામાં આવ્યા છે**
- **રાજ્યમાં ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમો મંજુર કરવામાં આવી છે. જે હાલમાં તમામ જિલ્લા અને મહાનગરપાલીકાઓમાં વાહક જન્ય રોગ અટકાયતની કામગીરી કરી રહી છે**

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકાર દ્વારા “મેલેરિયા મુક્ત ગુજરાત-૨૦૩૦” અભિયાન અંતર્ગત સમગ્ર રાજ્યમાંથી વર્ષ ૨૦૩૦ સુધીમાં મેલેરિયા રોગનું નિર્મુલન કરવા માટે એક્શન મોડમાં કામગીરીહાથ ધરવામાંઆવી રહી છે ત્યારે રાજ્યના તમામ જિલ્લા અને કોર્પોરેશનમાં ૧૦૦૦ ની વસ્તીએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ ૨૦૨૭ સુધીમાં શુન્ય સ્તરે લઈજવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. આરોગ્ય વિભાગ દ્વારા મળેલ માહિતી અનુસાર આ વર્ષે “મેલેરિયા મુક્ત ગુજરાત” ના લક્ષ્યોને પૂરા કરવા માટે આરોગ્ય શિક્ષણના જુદા-જુદા માધ્યમોથી મેલેરિયા રોગ અટકાયત અને નિયંત્રણ કરવામાં આવશે તેમજ રાજ્ય, જિલ્લા અને કોર્પોરેશન કક્ષાએ જન સમુદાયમાં જન જાગૃતિ ઉભી કરવા અલગ અલગ પ્રવૃતિઓહાથ ધરવામાંઆવી રહી છે. જેમાં શાળાઓ - કોલેજોમાં વાહકજન્ય રોગો સબંધિત વિવિધ કાર્યક્રમોથકી આરોગ્ય શિક્ષણ પુરૂ પાડવામાં આવીરહ્યુંછે,લોકલ ટીવી ચેનલો, વર્તમાનપત્રો તથા સ્થાનિક એફ એમ રેડીયોના માધ્યમથી જનજાગૃતિમાટે પ્રચાર પ્રસાર અને સંદેશાઓનું પ્રસારણ કરવામાં આવી રહ્યું છે. ક્ષેત્રીય કક્ષાએ આરોગ્ય કાર્યકર દ્વારા ઈન્ટર પર્સનલ કોમ્યુનિકેશનથી નાગરિકોને આરોગ્ય શિક્ષણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. સ્થાનિક કક્ષાએ જરૂરીયાતને ધ્યાને લઈને શેરી નાટક, રેલી, માઈકીંગ અને પપેટશો, પ્રદર્શન યોજી પત્રીકાઓનું વિતરણ કરીજનજાગૃતિનો પ્રયાસ કરવામાં આવીરહ્યો છે. જંતુનાશક દવાછંટકાવ કાર્યક્રમ અંતર્ગત ચાલુ વર્ષે રાજ્યમાં જુન માસ સુધીમાં ૨૨ જિલ્લાઓના મેલેરિયા માટે સંવેદનશીલ કુલ ૨૧૮ ગામોમાં ૪૫,૩૫૫ ઘરોને આવરી લેવામાં આવ્યાછે, તેમજ રાજ્યના તમામ જિલ્લાઓ અને મહાનગરપાલીકાઓમાં “હાઉસ ટુ હાઉસ” અભિયાન બે તબક્કાઓમાં હાથધરવામાં આવ્યું છે જેમાં પ્રથમ તબક્કામાં કુલ ૧૦,૫૭૮ ટીમ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ટીમો દ્વારા ૧,૩૧,૩૨,૮૯૦ ઘરોની મુલાકાત લેવામાંઆવી હતી. તેપૈકી ૧,૬૩,૦૮૪ ઘરોમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા આ પોરની જાણ આરોગ્યનીટીમને થતા ટીમ દ્વારા આ પોરાનો સ્થળ ઉપર જ નાશ કરવામાંઆવ્યો હતો. વધુમાં ૩,૬૩,૬૨૯ જગ્યાએ સંભવિત મચ્છર ઉત્પત્તિના સ્થાનો જણાતા તેનો પણ નાશ કરવામાં આવ્યો હતો તેમજ ૨,૯૯,૩૩૨ તાવના દર્દીઓ મળી આવતાં તેઓના લોહીના નમૂના પણ લેવામાંઆવ્યા અને મચ્છર ઉત્પત્તિ ન થાય તથા મચ્છર જન્ય રોગોથી કેવીરીતે બચવું જોઈએ તેના માટે પણ પૂરતી સમજ નાગરિકોને પૂરી પાડવામાં આવી હતી. બીજા તબક્કામાં કુલ ૧૮,૦૬૫ ટીમ દ્વારા ૧,૪૩,૮૬,૬૪૨ ઘરોની મુલાકાત લેવામાંઆવી હતી. તેપૈકી ૧,૬૫,૩૨૨ ઘરોમાં મચ્છરના પોરા જોવા મળ્યા હતા. ટીમ દ્વારા આ પોરાનો સ્થળ ઉપર નાશ કરવામાં આવ્યો હતો. વધુમાં ૩,૫૪,૧૪૦ જગ્યાએ સંભવિત મચ્છરઉત્પત્તિ સ્થાનોજણાતા તેનો પણ નાશ કરવામાં આવ્યો હતો. તેમજ ૩,૦૨,૭૨૯ તાવના દર્દીઓ મળી આવતાં તેઓના લોહીના નમૂના પણ લેવામાંઆવ્યા હતા.રાજ્યમાં ૪૯૨ વેક્ટર કંટ્રોલ ટીમો મંજુર કરવામાંઆવી છે. જે હાલમાં તમામ જિલ્લા અને મહાનગરપાલીકાઓમાં વાહક જન્ય રોગઅટકાયતની કામગીરી કરી રહી છે. મલેરિયાથી સાવચેતીનાં ભાગરૂપે નાગરિકોને મચ્છર ઉત્પત્તિ અટકાવવા પાણી સંગ્રહના પાત્રો હવા ચુસ્ત રીતે ઢાંકીને રાખવાજોઈએ, મચ્છરોથી બચવા માટે ઘરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરાવવો જોઈએ, બારી બારણાઓમાં મચ્છર જાળીઓ લગાવવી જોઈએ, મચ્છરના કરડવાથી બચવા માટે જુદા જુદા મચ્છર વિરોધી રેપેલન્ટનો ઉપયોગકરવોજોઈએ, વહેલી સવારે અને સંધ્યા કાળે ઘરના બારીબારણા એકકલાક માટે બંધ રાખવા જોઈએ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં જ સુવું જોઈએ, નાના બાળકોઅને સગર્ભા માતાઓએ સુવા માટે જંતુનાશક મચ્છરદાનીનો નિયમિત ઉપયોગ કરાવી જોઈએ, તાવ આવે ત્યારે લોહીની તપાસ અવશ્ય કરાવવી જોઈએ, સાદો મેલેરીયા જણાય તો ૧૪ દિવસની અને ઝેરી મેલેરીયા જણાય તો ૩ દિવસની સંપૂર્ણ સારવાર લેવીજોઈએ, મેલેરીયાથી બચવાનો એક જ ઉપાય વહેલું નિદાન અને સંપૂર્ણ સારવાર

નિર્મળ ગુજરાત ૨.૦ ના ધ્યેયને સિદ્ધ કરવા નર્મદા કલેક્ટર શ્રીમતી તેવતિયાના અધ્યક્ષસ્થાને કાર્યશાળા યોજાઈ

ઘન-પ્રવાહી કચરાના વ્યવસ્થાપન, કેપેસીટી બિલ્ડિંગ અને લોકોમાં સ્વચ્છતાની ભાવના કેળવવા માટે અવેરનેસ પર વિશેષ ભાર મુકતા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયા

શૈશવ રાવ

નર્મદાજિલ્લાનાશહેરી અને ગ્રામ્ય વિસ્તારોને “ગાર્બેજ ફ્રી” તથા સાચા અર્થમાં સ્વચ્છ અને સુંદર બનાવવાના આશય સાથે આજરોજ જિલ્લા કલેક્ટર શ્રીમતી શ્વેતા તેવતિયાનાઅધ્યક્ષસ્થાને એક દિવસિય “નિર્મળ ગુજરાત ૨.૦ અને સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦” કાર્યશાળા યોજાઈ હતી. કાર્યશાળા દરમિયાન કલેક્ટરશ્રીએ નર્મદા જિલ્લામાં સ્વચ્છતાની પ્રવૃત્તિને વેગ આપવા માટે અર્બન વેસ્ટ મેનેજમેન્ટઅમદાવાદના ટીમ લીડર વિનય પટેલ અને જીઈ યુનિવર્સીટીના સેન્ટર ફોર વોટર એન્ડસેનિટેશનના જય શાહ દ્વારા રજૂ કરાયેલાપ્રેઝન્ટેશનને નિહાળ્યા બાદ રાજપીપલા નગરપાલિકા સહિત તમામ તાલુકાઓને કચરા મુક્ત બનાવવા માટે ઘન-પ્રવાહી કચરા વ્યવસ્થાપન તેમજ ડોર ટુ ડોર કલેક્શનની કામગીરીને અસરકારક બનાવવા સંબંધિત અધિકારીઓને કેટલાંક રચનાત્મક સૂચનો આપીને પ્રેરિત કર્યા હતા. વધુમાં કલેક્ટરશ્રી તેવતિયાએ લોકોમાં લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા, કેપેસીટી બિલ્ડિંગ તેમજ સ્વચ્છતાના વિવિધ પેરામીટર્સ પર વિશેષ ભાર મુકીને આઈ. ઈ. સી. પ્રવૃત્તિને વેગવાન બનાવીને ભારત સરકાર દ્વારા પ્રારંભાયેલા સ્વચ્છતાના મહા અભિયાનને સાચા અર્થમાં સાકાર કરવા માટે નિર્મળ ગુજરાત ૨.૦ અને એસબીએમ અર્બન માટેની ગ્રાન્ટ, અત્યાર સુધી સ્વચ્છતા પર થયેલી કામગીરી અને ભાવિ રોડમેપ અંગે પણ ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યશાળાનું સંચાલન રાજપીપલા નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી રાહુલ ઢોડીયા દ્વારા કરાયું હતું. આ પ્રસંગે મદદનીશ કલેક્ટર સુશ્રી મુસ્કાન ડાગર, ઇ. જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે. કે. જાદવ, પ્રાયોજના વહિવટદાર શ્રી હનુલ ચૌધરી,નિવાસી અધિક કલેક્ટર શ્રી સી. કે. ઉંધાડ, નાંદોદના પ્રાંત અધિકારી સર્વશ્રી ડો. કિશનદાન ગઢવી અને શ્રી ડી.આર.સંગાડા, તમામ તાલુકાઓના મામલતદાર સર્વશ્રી અને તાલુકા વિકાસ અધિકારી સર્વશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ કાર્યશાળામાં જોડાયા હતા.

પીએલઆઈ યોજના હેઠળ ટેલિકોમ ઉપકરણોનું ઉત્પાદન વેચાણ ૫૦,૦૦૦ કરોડ રુપિયાના સીમાચિહ્નને પાર કરી ગયું

સરકારના પ્રયાસોના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ટેલિકોમ ઉપકરણોની નિકાસ (૧.૪૯ લાખ કરોડ રુપિયા) અને આયાત (૧.૫૩ લાખ કરોડ રુપિયા) સમાન સ્તરે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં ભારતને 'આત્મનિર્ભર' બનાવવાનાં વિઝન સાથે સુસંગત થઈને ટેલિકોમ અને નેટવર્કિંગ ઉત્પાદનો માટે ઉત્પાદન તથા ઈલેક્ટ્રોનિક્સનાં મોટા પાયે ઈલેક્ટ્રોનિક ઉત્પાદન સંબંધિતપ્રોત્સાહન (પીએલઆઈ) યોજનાને કારણે દેશમાં ઉત્પાદન, રોજગારીનું સર્જન, આર્થિક વૃદ્ધિ અને નિકાસમાં નોંધપાત્રવધારો થયોછે. ટેલિકોમ પીએલઆઈ યોજનાના ત્રણ વર્ષની અંદર આ યોજનાએ ૩૪૦૦ કરોડ રુપિયાનું રોકાણ આકર્ષ્યું છે, ટેલિકોમ ઉપકરણોનું ઉત્પાદન ૫૦,૦૦૦ કરોડ રુપિયાના સીમાચિહ્નને પાર કરી ગયું છે અને કુલ ૧૦,૫૦૦ કરોડરુપિયાનીનિકાસથઈ છે, જેણે ૧૭,૮૦૦થીવધુ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન કર્યું છે અને ઘણી વધુ આડકતરી રોજગારીનું સર્જન કર્યું છે. આ સિમાચિહ્ન ભારતના ટેલિકોમ ઉત્પાદન ઉદ્યોગની મજબૂતવૃદ્ધિ અનેસ્પર્ધાત્મકતાને રેખાંકિત કરે છે, જે સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને આયાત પરની નિર્ભરતા ઘટાડવા માટેસરકારની પહેલોથીપ્રેરિત છે. પીએલઆઈ યોજનાનો હેતુસ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓમાંવધારોકરવાનોઅને ભારતને ટેલિકોમ ઉપકરણોના ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાનોછે. આયોજના ઉત્પાદકોને ભારતમાં ઉત્પાદિત ઉત્પાદનોના વધારાના વેચાણના આધારે નાણાકીયપ્રોત્સાહનો પણ પ્રદાન કરે છે. ઈલેક્ટ્રોનિક્સના મોટા પાયે ઈલેક્ટ્રોનિક ઉત્પાદન માટેની ઉત્પાદન સાથે જોડાયેલી પ્રોત્સાહક યોજનામાં મોબાઈલ ફોન અને તેના ઘટકોના ઉત્પાદનને આવરી લેવામાં આવ્યું છે. આ પીએલઆઈ યોજનાના પરિણામેભારતમાંથી મોબાઈલ ફોનના ઉત્પાદન અને નિકાસ બંનેમાં ઘણો વધારો થયોછે. વર્ષ ૨૦૧૪-૧૫માં ભારત મોબાઈલ ફોનનો મોટો આયાતકાર દેશ હતો, જ્યારે દેશમાંમાત્ર ૫.૮ કરોડ યુનિટનું ઉત્પાદન થયું હતું,જ્યારે ૨૧કરોડ યુનિટની આયાત કરવામાં આવી હતી, જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતમાં ૩૩ કરોડ યુનિટનું ઉત્પાદન થયુંહતું અને માત્ર ૦.૩ કરોડ યુનિટની આયાત કરવામાંઆવી હતી અને લગભગ ૫ કરોડ યુનિટની નિકાસ કરવામાં આવી હતી. મોબાઈલ ફોનની નિકાસનું મૂલ્ય ૨૦૧૪-૧૫માં ૧,૫૫૬ કરોડ રૂપિયા અને ૨૦૧૭-૧૮માં માત્ર ૧,૩૬૭ કરોડ રૂપિયાથી વધીને ૨૦૨૩-૨૪માં ૧,૨૮,૯૮૨ કરોડ રૂપિયા થઈ ગયું છે. વર્ષ ૨૦૧૪-૧૫માં મોબાઈલ ફોનની આયાતની કિંમત ૪૮,૬૦૯ કરોડ રૂપિયા હતી અને ૨૦૨૩-૨૪માં તે ઘટીને માત્ર ૭,૬૬૫ કરોડ રુપિયા થઈ ગઈ છે. ભારત ઘણા વર્ષોથી ટેલિકોમ ઉપકરણોની આયાત કરે છે, પરંતુ મેક-ઈન-ઈન્ડિયા અને પીએલઆઈ યોજનાને કારણે સંતુલન બદલાયું છે, જેના કારણે દેશમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતના ઉપકરણોનું ઉત્પાદન થયું છે.

કી હાઈલાઈટ્સ ટેલિકોમ (મોબાઈલ સિવાય):

ઉદ્યોગ વૃદ્ધિ: ટેલિકોમ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરે અસાધારણ વૃદ્ધિ દર્શાવી છે, જેમાં પીએલઆઈ કંપનીઓ દ્વારા કુલ વેચાણ રૂ. ૫૦,૦૦૦ કરોડથી વધુ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પીએલઆઈ લાભાર્થી કંપનીઓ દ્વારા ટેલિકોમ એન્ડ નેટવર્કિંગ પ્રોડક્ટ્સનું વેચાણ બેઝ યર (નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦)ની સરખામણીમાં ૩૭૦ ટકા વધ્યું છે.

રોજગારીનું સર્જન: આ પહેલે માત્ર આર્થિક વૃદ્ધિમાં જ યોગદાન નથી આપ્યું, પરંતુ ઉત્પાદનથી માંડીને સંશોધન અને વિકાસ સુધી, ૧૭,૮૦૦થી વધારે પ્રત્યક્ષ રોજગારીનું સર્જન અને અન્ય ઘણી પરોક્ષ રોજગારીનું સર્જન કરીને મૂલ્ય શ્રૃંખલામાં રોજગારીની નોંધપાત્રતકોનું સર્જન પણ કર્યું છે.

આયાત પરની નિર્ભરતામાં ઘટાડો: સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાને કારણે પીએલઆઈ યોજનાએ આયાતી ટેલિકોમ ઉપકરણો પર દેશની નિર્ભરતામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે, જેના પરિણામે આયાત અવેજીમાં ૬૦ ટકાનો ઘટાડો થયો છે અને ભારત એન્ટેના, જીપીએન (ગીગાબાઈટ પેસિવઓપ્ટિકલનેટવર્ક) અને સીપીઈ (ગ્રાહક પરિસર ઉપકરણ)માં લગભગઆત્મનિર્ભર બનીગયું છે.આ રીતે આયાત પરની નિર્ભરતામાં ઘટાડો થવાથી રાષ્ટ્રીય સુરક્ષામાં વધારો થયો છે અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન મળ્યું છે.

વૈશ્વિક સ્પર્ધાત્મકતા:

ભારતીય ઉત્પાદકો વૈશ્વિક સ્તરે વધુને વધુ પ્રતિસ્પર્ધા કરીરહ્યા છે અને સ્પર્ધાત્મક કિંમતેઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો ઓફર કરે છે. ટેલિકોમ ઉપકરણોમાં રેડિયો, રાઉટર્સ અને નેટવર્ક ઉપકરણો જેવીજટિલ વસ્તુઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કંપનીઓને સરકાર દ્વારાપજી ઉપકરણોના ઉત્પાદન માટે લાભ મેળવવાની મંજૂરી આપવામાં આવી છે. ભારતમાં ઉત્પાદિત પજી ટેલિકોમ ઉપકરણો હાલમાં ઉત્તર અમેરિકા અને યુરોપમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે. ટેલિકોમ અને નેટવર્કિંગ પ્રોડક્ટ્સ માટેની પીએલઆઈ યોજના અને ડીઓટી અને એમઈઆઈટીવાય બંને દ્વારા સંચાલિત અન્ય સંબંધિત પહેલનાપરિણામે ટેલિકોમ આયાતઅને નિકાસ વચ્ચેનુંઅંતર નોંધપાત્ર રીતેઘટ્યું છે, કારણ કે ચીજવસ્તુઓનું કુલ મૂલ્ય (ટેલિકોમ ઉપકરણો અને મોબાઈલ બંનેને એકસાથેમૂકવામાં આવેતો) નિકાસ કરવામાં આવે તો તે ૧.૪૯ લાખ કરોડ રુપિયાથીવધુછે, જ્યારે નાણાકીય વર્ષ ૨૩-૨૪માં ૧.૫૩ લાખ કરોડરુપિયાથી વધુની આયાત થઈ હતી. હકીકતમાં, છેલ્લાં પાંચ વર્ષમાં ટેલિકોમ (ટેલિકોમ ઉપકરણો અને મોબાઈલ બંનેમાં મળીને) વેપાર ખાધ ૬૮,૦૦૦કરોડ રુપિયાથીઘટીને ૪,૦૦૦ કરોડરુપિયા થઈછે અને બંને પીએલઆઈ યોજનાઓએ ભારતીય ઉત્પાદકોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા, મુખ્ય ક્ષમતાઅને અત્યાધુનિક ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં રોકાણને આકર્ષિત કરવા, કાર્યક્ષમતા ખાતરી કરવા, સ્કેલની અર્થવ્યવસ્થાનું નિર્માણ કરવા, નિકાસમાંવધારોકરવાઅને ભારતને વૈશ્વિક મૂલ્ય સાંકળનો અભિન્ન ભાગ બનાવવાની શરૂઆત કરી છે. તેણે ભારતની નિકાસ બાસ્કેટને પરંપરાગત કોમોડિટીઝમાંથી ઊંચા મૂલ્યવર્ધિતઉત્પાદનોમાં પરિવર્તિત કરી છે.

કચ્છ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની સમીક્ષા માટે જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ

કમલમ્ન્યુઝ,ભુજ,

ગુજરાતરાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે સતત ખેડૂતોને માર્ગદર્શન આપીને નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરી રહ્યા છે ત્યારે કચ્છ કલેક્ટરશ્રી અમિત અરોરા દ્વારા કચ્છમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપવધે અને તાજેતરમાં થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા માટે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી પી.કે.તલાટીએ તમામ સભ્યોને આવકારીને જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની સ્થિતિ અંગે વિસ્તૃત જાણકારી જિલ્લા કલેક્ટરશ્રી અમિતઅરોરા અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિને આપી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી અમિતઅરોરાએ પાંચ ગ્રામ પંચાયતના ક્લસ્ટર દીઠ તાલીમ, જિલ્લાઅને તાલુકાકક્ષાએ પ્રાકૃતિક પેદાશોના વેચાણ કેન્દ્રો, ખેડૂતલક્ષી યોજનાઓમાં પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને પ્રાથમિકતા, પ્રાકૃતિક કૃષિના પંચસ્તરીય મોડેલ ફાર્મની રચના, દેશી ગાય નિભાવ ખર્ચ સહાય યોજના, પ્રાકૃતિક કૃષિનો બહોળો પ્રચાર પ્રસાર, પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોની જમીનમાં સેન્દ્રિય કાર્બનની ટકાવારી, જમીન નમૂનાઓનું લેબમાં પરિક્ષણ, જીવામૃત અને ઘનામૃત બનાવવા માળખાકીય સુવિધાઓ વિકસાવવાની સહાય યોજનાઓ અને ક્લસ્ટર નોડલ અધિકારીશ્રી દ્વારા પ્રાકૃતિક ખેતી અંતર્ગત કરવામાંઆવેલી કામગીરી વગેરે બાબતોની સમીક્ષા કરીને જિલ્લામાં મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથેજોડાઈ તેરીતે આયોજન કરવા માટે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. જિલ્લાવિકાસ અધિકારીશ્રીએ પ્રાકૃતિક પેદાશો લોકો સુધી સરળતાથી ઉપલબ્ધ થાય એવું આયોજન ખેડૂતો સાથે સંકલન કરીને કરવાસૂચના આપીહતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કિરણસિંહ વાઘેલા, નાયબ પશુપાલન નિયામકશ્રી એચ.એમ.ઠક્કર, નાયબ ખેતી નિયામક વિસ્તરણશ્રી પી.કે.પટેલ, નાયબ બાગાયત નિયામકશ્રી મનિષ પરસાણિયા, આત્માના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી કલ્પેશ મહેશ્વરી, જિલ્લા સંયોજકશ્રી દેવશીભાઈ પરમાર તેમજ સર્વે મદદનીશ ખેતી નિયામકશ્રીઓ અને સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓહાજર રહ્યાહતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028